# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉધાડ વાંચે છે.

---

- **રાજ્યનાં જળાશયોમાં સુરક્ષા સુનિશ્ચિત કરવા વોટર પોલિસ તૈનાત કરવા ગુજરાત વડી અદાલતનું રાજ્ય સરકારને સૂચન**
- **સાબરમતી નદીના પાણીની ચકાસણી કરવા જેટકોને કામગીરી સોંપવામાં આવશે**
- **ગિફ્ટ સિટીમાં બ્રિટનની શ્રેષ્ઠ શૈક્ષણિક યુનિવર્સિટીના કેમ્પસ શરૂ કરવા અંગે બ્રિટનના ડેપ્યુટી હાઇ કમિશનર સાથે મુખ્યમંત્રીની ચર્ચા**
- **7 હજાર 500 શિક્ષકોની કાયમી ભરતીમાં વ્યાયામ, કોમ્પ્યુટર, ચિત્રકળા અને સંગીત શિક્ષકોની ભરતી કરવામાં આવશે**
- **રાજ્યનાં 18 જિલ્લામાં વરસાદની 20 ટકાથી વધુ ઘટઃ આજથી ચાર દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# HARNI BOAT CASE

ગુજરાત વડી અદાલતે રાજ્ય સરકારને નાગરિકોની સલામતી માટે રાજ્યનાં જળાશયોમાં વોટર પોલિસ તૈનાત કરવાનું સૂચન કર્યું છે. વડોદરાનાં હરણી તળાવ બોટ દુર્ઘટના મુદ્દે ચાલી રહેલી સુનાવણી દરમિયાન ગઈકાલે વડી અદાલતનાં મુખ્ય ન્યાયમૂર્તિની ખંડ પીઠે સૂચન કર્યું હતું કે, ગંગા સંગમ પર વોટર પોલિસ તૈનાત હોય છે જેમની પાસે બોટમેનથી લઈને તમામ માહિતી હોય છે અને બોટનું નિયમિત ચેકિંગ પણ થાય છે.

રાજ્ય સરકાર તરફથી જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં કુલ 42 પૈકી ચાર જળાશયોમાં રમતગમત પ્રવૃત્તિ ચાલુ છે. જળાશયો અને મનોરંજન સ્થળ અંગેનાં નિયમોનો મુસદ્દો બની ગયો છે અને જિલ્લામાં આવેલા જળાશયો માટે ડિસ્ટ્રીક્ટ વોટર સાઇડ સેફ્ટી કમિટીની રચના કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે હરણી તળાવ બોટ દુર્ઘટનામાં 12 બાળકો અને બે શિક્ષક સહિત કુલ 14 વ્યક્તિનાં મૃત્યુ થયા હતા.

---

-ડેસ્ક, અનિલ પટેલ -(NAVIN)

# AMC- BETHAK

અમદાવાદ મહાનગરપાલિકાની સ્થાયી સમિતીએ સાબરમતી નદીના પાણીની ગુણવત્તા ચકાસવા સરકારી સંસ્થા જેટકોને કામગીરી સોંપવાનો નિર્ણય લીધો છે. જેટકો દ્વારા એસટીપી પ્લાન્ટ અને પાણીની તપાસ કરવામાં આવશે. આ માટે મહાનગરપાલિકા દ્વારા વાર્ષિક 34 લાખ રૂપિયાનો ખર્ચ કરાશે. રાજ્યની વડી અદાલતના નિર્દેશ બાદ મહાનગરપાલિકાએ આ નિર્ણય લીધો છે.

આ ઉપરાંત અમદાવાદમાં ટ્રાફિકની વધતી સમસ્યાને નિવારવા માટે પાર્કિંગની વિશેષ સુવિધા ઊભી કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ, મુંબઈની જેમ અમદાવાદના બહુમાળી મકાનોમાં પણ પોડિયમ પાર્કિંગ બનાવાશે. આ સુવિધા રહેણાંક અને વ્યાવસાયિક એમ બંને પ્રકારના બિલ્ડિંગમાં અપાશે. આ સુવિદ્યાથી રસ્તા પર થતાં પાર્કિંગની સમસ્યા ઘટશે. અત્યાર સુધીમાં મહાનગરપાલિકા દ્વારા 22 બિલ્ડિંગમાં આ પ્રકારના પાર્કિંગ માટે મંજૂરી આપી દેવાઈ છે.

ઉપરાંત કોર્પોરેશનમાં વિવિધ વિભાગોમાં દિવાળી સુધીમાં 1 હજાર 239 પદો પર ભરતી કરવામાં આવશે.

--------------------------------------------------------------------

- ડીડી-શ્રીરંગ સર-ચશ્રી

-(NAVIN)

# British Deputy High Commissioner

ભારતમાં બ્રિટનના ડેપ્યુટી હાઇકમિશનર ક્રિસ્ટીના સ્કોટે ગઈકાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ બેઠકમાં ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં બ્રિટનની શ્રેષ્ઠ શૈક્ષણિક યુનિવર્સિટીના કેમ્પસ શરૂ કરવા અંગે ચર્ચા થઈ હતી.

શ્રીમતી ક્રિસ્ટિનાએ મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, બ્રિટનમાં તાજેતરમાં રચાયેલી નવી સરકાર ભારત અને ગુજરાત સાથે ઊર્જા, અને પર્યાવરણ સહિતનાં ક્ષેત્રોમાં વધુ ગાઢ સહકાર માટે ઉત્સુક છે. મુખ્યમંત્રીએ ખાસ કરીને પવન અને હરિત ઊર્જા ક્ષેત્રમાં સહભાગિતાની તત્પરતા દર્શાવી હતી. ગુજરાત 2036નાં ઓલિમ્પિક્સ માટે દાવેદારી કરવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે આ બેઠકમાં બ્રિટનનાં રમતગમત ક્ષેત્રની વિશેષતા અને તજજ્ઞતાનો અનુભવ ગુજરાતને મળે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી.

---

- માહિતી ખાતુ ગાંધીનગર , અમદાવાદ અનિલ પટેલ

-(NAVIN)

# Rishikesh Patel

હાલમાં ચાલી રહેલી વરસાદની ઋતુમાં કોલેરા જેવા પાણીજન્ય રોગો ન ફેલાય તે માટે રાજ્ય સરકાર સતર્ક છે અને ક્લોરિનયુક્ત પાણી પહોંચાડવા માટે પૂરતી વ્યવસ્થા કરી છે.

સરકારે ગામડાંઓ અને શહેરોમાં રોગચાળો ન ફેલાય તે માટે તમામ પગલાં લીધાં છે.

આ અંગે પ્રવક્તા મંત્રી રૂષિકેશ પટેલે વધુમાં જણાવ્યું કે..

(બાઇટ.. ઋષિકેશ પટેલ)

---

-પીટીસી, હેમાંગીની -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# Recruitment of teachers

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 7 હજાર 500 જેટલા શિક્ષકોની કાયમી ભરતીમાં વ્યાયામ, કોમ્પ્યુટર, ચિત્રકળા અને સંગીત શિક્ષકોની ભરતી કરવામાં આવશે. આ ભરતી માટે શાળા મંડળો દ્વારા ભલામણ કરવામાં આવેલી લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકે છે.

અમારા ગાંધીનગરના પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે ટ્વીટ કરીને માહિતી આપી છે કે આ ભરતીમાં સમાવેશ થયેલા વિષયોમાં સાક્ષરી વિષયો ઉપરાંત વ્યાયામ, કોમ્પ્યુટર, ચિત્રકળા અને સંગીત જેવા વિષયોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પહેલા ટેટ 1 અને ટેટ 2 પાસ ઉમેદવારો માટે ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યમાં કાયમી શિક્ષકોની ભરતીને લઇને સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આશરે 10 હજારથી વધુ જગ્યાઓ પર પ્રાથમિક શાળામાં શિક્ષકોની ભરતી કરવામાં આવશે. ધોરણ 1 થી 5 અને 6 થી 8 માટે શિક્ષકોની કાયમી ભરતી કરાશે.

---

-પીટીસી, ગાંધીનગર, રિદ્ધિ -(NAVIN)

# Professional training of teachers

રાજ્યની ધોરણ ત્રણથી 10ની શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોને વ્યાવસાયિક તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગઈકાલે ટેલિકોન્ફરન્સિંગનાં માધ્યમથી શિક્ષકોને કોર્સ અને તેમાં જોડાણ સહિતનાં મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. GCERT દ્વારા શિક્ષકો માટે 20 જેટલાં ઓનલાઇન કોર્સ વિક્સાવવામાં આવ્યા છે.

કોર્સનો સમયગાળો એક કલાકનો રાખવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય શિક્ષણ નિતીમાં દરેક શિક્ષકે વ્યાવસાયિક તાલીમ લેવી ફરજિયાત કરવામાં આવી છે.

---

- ડેસ્ક અનિલ

-(NAVIN)

# NARMADA- SMART CLASS

અભ્યાસમાં બાળકોનો રસ અને જીજ્ઞાસા વધે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા શાળાઓમાં સ્માર્ટ ક્લાસમાં શિક્ષણ આપવામાં આવે છે. સ્માર્ટ ક્લાસમાં ડિજિટલ શિક્ષણ મેળવીને નર્મદા જિલ્લાનાં વિદ્યાર્થીઓ સ્માર્ટ બની રહ્યા છે.

અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધી દિપક જગતાપ જણાવે છે કે,આકાંક્ષી જિલ્લો ગણાતા નર્મદા જિલ્લામાં ધોરણ 6થી ધોરણ 8ના વિદ્યાર્થીઓ માટે 315 શાળાઓમાં 915 સ્માર્ટ ક્લાસ વિકસાવવામાં આવ્યા છે. સ્માર્ટ બોર્ડને કારણે શાળામાં બાળકોની હાજરીમાં પણ વધારો થયો છે.

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ પ્રાથમિક શાળાનાં શિક્ષીકા પ્રાચી ક્ષત્રિયએ જણાવ્યું કે શાળાઓમાં ડિજિટલ સ્માર્ટ બોર્ડને કારણે ચોક-ડસ્ટરથી શિક્ષણ બંધ થયું છે અને સ્માર્ટબોર્ડથી ડિજિટલ શિક્ષણ શરૂ થયું છે.

ધોરણ 8 માં ભણતા મયુર પટવારીએ જણાવ્યું હતું કે હું જાતે સ્માર્ટ બોર્ડ ઓપરેટ કરતો થયો છું.. આનાથી અમને જલ્દી સમજણ પડી જાય છે અને બધું યાદ રહી જાય છે.

---

- પીટીસી-નર્મદા-અનિલ પટેલ-યશ્વી

# Rain Deficit

રાજ્યમાં નૈઋત્યનું ચોમાસું શરૂ થવાને એક મહિનો થયો હોવા છતાં રાજ્યનાં 18 જિલ્લા એવા છે જ્યાં વરસાદની 20 ટકાથી વધુ ઘટ છે. સૌથી વધુ ઘટ ધરાવતા જિલ્લાઓમાં 56 ટકા સાથે દાહોદ મોખરે છે, જ્યારે આણંદમાં 52 ટકા, અરવલ્લીમાં 48 ટકા, મહીસાગરમાં 47 ટકા અને ડાંગ જિલ્લામાં 46 ટકા ઘટ છે.

હજુ સુધી સરેરાશ 9.15 ઇંચ સાથે મોસમનો 26.32 ટકા જ વરસાદ થયો છે. તેની સરખામણીએ ગયા વર્ષે 12 જુલાઇ સુધીમાં 21.34 ઇંચ વરસાદ સાથે મોસમનો 48 ટકા વરસાદ પડ્યો હતો.જૂન મહિનામાં રાજ્યમાં સરેરાશ 4.6 ઇંચ અને જુલાઇમાં 12 તારીખ સુધી 4.62 ઇંચ વરસાદ પડ્યો છે. 166 તાલુકામાં 10 ઇંચથી ઓછો વરસાદ પડ્યો છે.

કચ્છમાં ગયા વર્ષે સરેરાશનો 112 ટકા વરસાદ પડ્યો હતો, જ્યારે આ વખતે અત્યાર સુધીમાં 35 ટકા વરસાદ જ નોંધાયો છે.

અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધી અશોક પટેલ જણાવે છે કે, આજે સવારે ચારથી છ વાગ્યા દરમિયાન નવસારી, જલાલપોર, ગણદેવીમાં 1-1 ઇંચ વરસાદ પડ્યો હતો. ગઈકાલે સવારે છથી રાત્રીના આઠ વાગ્યા સુધીમાં સૌથી વધુ ચાર ઇંચ ગણદેવી તાલુકામાં પડ્યો હતો. જ્યારે ચીખલી, વ્યારા, ખેરગામ અને વલસાડ તાલુકામાં ત્રણ-ત્રણ ઇંચ વરસાદ પડ્યો હતો.

અમારા અમરેલી જિલ્લાનાં પ્રતિનિધી હરેશ ટાંક જણાવે છે કે, આજે વહેલી સવારથી જિલ્લામાં કેટલાંક સ્થળોએ વરસાદ પડી રહ્યો છે. ગઈ કાલે અમરેલી શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદ પડ્યો હતો. જિલ્લામાં ખાંભા શહેર અને આસપાસના ગામડામાં તેમજ રાજુલા, જાફરાબાદ પંથકમાં ધીમી ધારે વરસાદ પડ્યો હતો.

-------------------------------------------------------------

- ડેસ્ક.. પીટીસી નવસારી, અમરેલી અનિલ -(NAVIN)

# HC- AMC AADESH

રાજ્યની વડી અદાલતે અમદાવાદ શહેરમાં જાહેર ખબર માટે ગોઠવવામાં આવેલા બધા જ હોર્ડિંગોની તપાસ કરવા, નાગરિકોના જીવને જોખમમાં મૂકે તેવી શક્યતા વાળા હોર્ડિંગોને તત્કાળ દૂર કરવા અને આ અંગેનો અહેવાલ ત્રણ સપ્તાહમાં આપવા અમદાવાદ મહાનગરપાલિકાને આદેશ આપ્યો છે... આ કેસની વધુ સુનાવણી આગામી બીજી ઓગસ્ટે હાથ ધરાશે.

અદાલતે અવલોકન કર્યું હતું કે, મુંબઈની હોર્ડિંગ તૂટી પડવાની તાજેતરની ઘટનાથી અમે ચિંતિત છીએ. આથી, સામાન્ય નાગરિકને જોખમી હોય તેવા હોર્ડિંગો તત્કાળ દૂર થવા જોઇએ..

ગઇકાલે હાથ ધરાયેલી સુનાવણીમાં અમદાવાદ મહાનગર પાલિકાએ અદાલતમાં રજૂઆત કરી હતી કે, શહેરમાં રહેલા હોર્ડીંગની સ્ટેબિલિટીથી લઇ સ્ટ્રક્ચરની તપાસ અમારા દ્વારા કરવામાં આવી છે જે ગેરકાયદે હોર્ડીંગ હતા તેને કાઢવામાં આવ્યા અને જે બાકી છે તેને પણ હટાવવામાં આવશે.

---

-રીપીટ

# FAKE DOCTOR

અમદાવાદ જીલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમાર દ્વારા વધુ એક ખાનગી હોસ્પિટલને સીલ કરવામાં આવી છે અને આ નકલી ડોકટર વિરૂદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખાનગી હોસ્પિટલના ડોકટર સહિત આરોપીઓ સાધનો લઈ ફરાર થઇ ગયા છે.

આ એ જ નકલી ડોકટર છે જેમની અગાઉ પણ એક ખાનગી મલ્ટીસ્પેશિયાલ્ટી હોસ્પિટલને સીલ કરવામાં આવી છે.

આ નકલી ડોકટર અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં મલ્ટી સ્પેશ્યિલીટી હોસ્પિટલ ચલાવતો હતો અને સારવારના નામે દર્દી પાસેથી લાખો રૂપિયા લેતો હતો.

આ દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા નકલી ડોકટરો વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવતા બિન અધિકૃત રીતે તબીબી પ્રેક્ટિસ કરતા ડોકટરોમાં ફફડાટ છે.

---------------------------------------------------------------------

-અપર્ણા ખૂંટ, રિદ્ધિ -(NAVIN)

# Surendranagar Review Meeting

સુરેન્દ્રનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઇ બેરાના અધ્યક્ષસ્થાને ગઇકાલે કલેકટર કચેરી ખાતે વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વિવિધ યોજનાઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રભારી મંત્રીએ વિકાસના કામો સમયસર અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને તાકીદ કરી હતી.

શ્રી બેરાએ વર્ષ ૨૦૨૩-૨૪ હેઠળ મંજૂર થયેલા વિવિધ વિકાસના કામો ઝડપથી પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે રાજ્યમાં આગામી સમયમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ યોજાનારા વન મહોત્સવમાં તમામ નાગરિકોને સહભાગી બની વન વિભાગની વિવિધ યોજનાઓનો લાભ લઇ વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરી જિલ્લાને હરિયાળો બનાવવા જણાવ્યું હતું.

તેમણે ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં મંજૂર થયેલા કામો, શરૂ ન થયેલા કામો અને પ્રગતિ હેઠળના કામો અંગે અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

---

-પીટીસી, સુરેન્દ્રનગર, અનિલ પટેલ -(NAVIN)